## —: ઘાસ કાપીને લઈ જવાના કામની ટેન્ડર નોટીસ :—

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૭ તરફથી કેમ્પસની ખાલી રહેતી જમીનમાં ઉગતું ઘાસ કાપીને લઈ જવાના કામ માટેનું ટેન્ડર મંગાવવામાં આવે છે. પ્રસ્તુત ટેન્ડર તા.:૩૦–૦૫–૨૦૨૬ થી તા. : ૧૫–૦૬–૨૦૨૬ સુધીમાં ૧૧ : ૦૦ થી ૪ : ૦૦ કલાક સુધીના સમય દરમ્યાન ટેન્ડર ફીની રકમ રૂા. ૬૦૦/– + ૧૮% લેખે GSTના રૂા. ૧૦૮/– મળી કુલ રૂા. ૭૦૮/– રોકડા હિસાબી વિભાગમાં જમા કરાવ્યેથી બાંધકામ વિભાગમાંથી મળી શકશે. પ્રસ્તુત ટેન્ડર તા.: ૨૨–૦૬–૨૦૨૬ ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂા. ૧૫,૦૦૦/– ના બેંક ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ટપાલ મારફત યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે રદ કરવું તેની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીની રહેશે. અન્ય વિગતો ટેન્ડર સાથે આપવામાં આવશે.

-sd-

**યુનિવર્સિટી એન્જીનીયર**

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## ઉધના – મગદલ્લા રોડ

## સુરત

# યુનિવર્સિટી કેમ્પસની જમીન પૈકી ખાલી રહેતી જમીન પર ઉગી નીકળેલ ઘાસ કાપીને લઈ જવાના કામનું ટેન્ડર

## સને : ૨૦૨૬

# <u>ટેન્ડર</u>

તા. :

પ્રતિ,
કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના–મગદલ્લા રોડ,
સુરત – ૩૯૫ ૦૦૭.

માનનીય,

આપશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલ ટેન્ડર નોટિસના અનુસંધાનમાં અમો ટેન્ડરમાં દર્શાવેલ વિગતો પ્રમાણે ભાવો આપીએ છીએ.

અમોએ કામ કરવાનું સ્થળ, ટેન્ડરના નિયમો અને શરતો વાંચી છે.

અમો ઉપરોકત કામ વર્કઓર્ડર આપ્યા પછી સમય મર્યાદામાં પૂર્ણ કરી આપીશું.

અમો ટેન્ડરમાં દર્શાવ્યા પ્રમાણેથી અર્નેસ્ટમની રકમ રોકડમાં / ડિમાન્ડ ડ્રાફટથી રજીસ્ટારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના નામનો રજૂ કરીશું અને તેની ઉપર કોઈપણ પ્રકારના વ્યાજ લેવામાં આવશે નહિ.

અમો ઉપરોકત કામ કરવામાં નિષ્ફળ જઈએ તો અમારી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે તેની અમોને સમજણ છે અને અમો તે માટે બંધનકર્તા છે.

**કોન્ટ્રાકટરનું નામ અને સરનામું મોબાઈલ નંબર સાથે :**

..........................................

..........................................

..........................................

..........................................

...................................
**કોન્ટ્રાકટરની સહી અને સિક્કો**

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: ઘાસ કાપીને લઈ જવાના કામની ટૂંકી ટેન્ડર નોટીસ :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૭ તરફથી કેમ્પસની ખાલી રહેતી જમીનમાં ઉગતું ઘાસ કાપીને લઈ જવાના કામ માટેનું ટેન્ડર મંગાવવામાં આવે છે. પ્રસ્તુત ટેન્ડર તા.: ૩૦–૦૫–૨૦૨૬ થી તા. : ૧૫–૦૬–૨૦૨૬ સુધીમાં ૧૧ : ૦૦ થી ૪ : ૦૦ કલાક સુધીના સમય દરમ્યાન ટેન્ડર ફીની રકમ રૂા. ૬૦૦/– + ૧૮% લેખે GSTના રૂા. ૧૦૮/– મળી કુલ રૂા. ૭૦૮/– રોકડા હિસાબી વિભાગમાં જમા કરાવ્યેથી બાંધકામ વિભાગમાંથી મળી શકશે. પ્રસ્તુત ટેન્ડર તા.: ૨૨–૦૬–૨૦૨૬ ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂા. ૧૫,૦૦૦/– ના બેંક ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ટપાલ મારફત યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે રદ કરવું તેની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીની રહેશે. અન્ય વિગતો ટેન્ડર સાથે આપવામાં આવશે.

**યુનિવર્સિટી એન્જીનીયર**

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
# સુરત.

### યુનિવર્સિટી કેમ્પસ ખાતે ખાલી રહેતી જમીનમાં ઉગતું ઘાસ કાપીને લઈ જવાના ટેન્ડરના ભાવ ભરવાનું પત્રક

| અ.નં. | વિગત | યુનિવર્સિટીમાં ટેન્ડર ભરનારે જમા કરાવવા માંગતા હોય તે રકમ (રૂા.) |
|---|---|---|
| ૦૧. | યુનિવર્સિટીના કેમ્પસની કુલ જમીન પૈકી ખાલી રહેતી જમીન પર ઉગી નીકળેલ ઘાસ કાપીને લઈ જવા માટેની કામગીરી | |
| | **કુલ રકમ :** | |
| | ( અંકે રૂપિયા ..............................................................) | |

**ઘાસનું ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરની સહી**

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

## <u>–: ઘાસ કાપીને લઈ જવાના ટેન્ડર શરતો :–</u>

(૧) ટેન્ડર ભરનારે સદર ખુલ્લી જમીન અને ખુલ્લી જગ્યાની ( બાગ બગીચા, રમત-ગમતના મેદાનો સિવાયની)સ્થળ મુલાકાત કરી, જોઈને જ ટેન્ડર ભરવું. ટેન્ડર ભર્યા બાદ પાછળથી તે બાબતમાં કોઈપણ તકરાર ચાલશે નહી.

(૨) ટેન્ડર ભરનારે અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂા. ૧૫,૦૦૦/– નો The Registrar, Veer Narmad South Gujarat University, Surat ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર સાથે યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ વગરનું ટેન્ડર અમાન્ય કરવામાં આવશે.

(૩) જે પાર્ટીનું ટેન્ડર મંજૂર થશે તેમણે રૂા. ૧૫,૦૦૦/– સિકયુરીટી ડિપોઝીટની રકમ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે, જે જુન–૨૦૨૭ માસમાં પરત કરવામાં આવશે અને જે પાર્ટીનું ટેન્ડર મંજૂર થશે તે પાર્ટી સિકયુરીટી ડિપોઝીટની રકમ અને ટેન્ડરની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવે ત્યારબાદ તમામ પાર્ટીઓની અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂા. ૧૫,૦૦૦/– પરત કરવામાં આવશે.

(૪) ટેન્ડર મંજૂર થયાની ખબર આપ્યાની તારીખથી ટેન્ડર રાખનારે આ કચેરીમાં ટેન્ડરની રકમ એક સાથે જમા કરાવવાની રહેશે અને પૂરેપૂરા નાણાં ભરાયા બાદ જ ઘાસ કાપીને લઈ જવા દેવામાં આવશે. કોઈપણ સંજોગોમાં ટેન્ડરના પૂરેપૂરા નાણાં ભરાય નહીં ત્યાં સુધી ઘાસ કાપવા દેવામાં આવશે નહી અને જે પાર્ટીને ઘાસ કાપીને લઈ જવાનો કોન્ટ્રાકટ આપવામાં આવે તે રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશે તો તેની અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે.

(૫) જે પાર્ટીનું ટેન્ડર મંજૂર થાય તે ટેન્ડરની રકમ જમા કરાવ્યા પછી કોઈ સંજોગોમાં કામગીરી કરી ન શકે તેવા સંજોગોમાં ભરેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

(૬) કમ્પાઉન્ડમાં ટેન્ડરથી કામ રાખનાર વ્યકિત તેના ઢોર / પશુઓ છૂટા ચરાવવા માટે કોઈપણ સંજોગોમાં કંમ્પાઉન્ડમાં દાખલ કરી શકશે નહી અને જો તેમ કરવામાં આવશે તો તેમની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. તે ઉપરાંત આ કચેરી દ્વારા ટેન્ડર રાખનાર સામે તમામ યોગ્ય પગલાં લેવામાં આવશે.

(૭) ટેન્ડર ફકત ઘાસ કાપીને લઈ જવાનું જ છે એ સિવાય કોન્ટ્રાકટ રાખનાર ઈસમોને બીજો કોઈ હકક નથી. ઘાસ કાપતા બીજી કોઈપણ મિલ્કતોને કોઈ જાતનું નુકશાન થવું ન જોઈએ જેની ખાસ કાળજી રાખવી. જો તેમ કરવામાં આવશે તો નુકશાનીનાં પૈસા વસૂલ કરવામાં આવશે.

(૮) ઘાસ કાપીને સ્થળ ઉપરથી બીજે કેમ્પસની બહાર લઈ જવાનું રહેશે એટલે કે કમ્પાઉન્ડમાં ઘાસની ગંજી કરવા દેવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

(૯) યુનિવર્સિટી કેમ્પસના કંમ્પાઉન્ડના ઘાસનું ટેન્ડર યુનિવર્સિટીની જમીનમાંથી મકાનો, પ્લેગ્રાઉન્ડ તથા બગીચાને બાદ કરતા વિસ્તાર માટે છે જે ધ્યાને લઇ ભાવ ભરવાના રહેશે.

(૧૦) ટેન્ડર મંજૂર કરવું કે નહીં તેનો છેવટનો નિર્ણય યુનિવર્સિટીનો રહેશે જે બાબતમાં કારણો આપવામાં આવશે નહીં.

(૧૧) કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્લોટમાં વિકાસના કામ માટે જરૂરી ખેડાણ કામ કરવામાં આવે અથવા આ જમીનમાં બાંધકામ વિગેરે કરવામાં આવે તો તેની સામે કોઈ વાંધો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૧૨) ઘાસ કાપીને લઈ જનાર પાર્ટીએ ઉગેલું લીલુ તેમજ સૂકુ ઘાસ કોન્ટ્રાકટ આપ્યાની તારીખથી તરત જ કાપીને લઈ જવાનું રહેશે તથા આ ટેન્ડર / કામગીરી ફકત એક વર્ષ માટે જ માન્ય રહેશે.

(૧૩) યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ બતાવવામાં આવે તે જગ્યા કે પ્લોટ ઉપરથી બતાવ્યા પ્રમાણે પ્રથમ કોન્ટ્રાકટરે ઘાસ કાપીને લઈ જવાનું રહેશે.

(૧૪) ટેન્ડર ભરનારે ટેન્ડરના કવર ઉપર ટેન્ડરનું નામ લખવાનું રહેશે અને કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫૦૦૭ નામે ટેન્ડર ફકત ટપાલ મારફત જ મોકલવાનું રહેશે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી, જેની નોંધ લેવી.

(૧૫) ટેન્ડર ફોર્મના ફોરમેટમાં જ ભાવ ભરીને આપવાના રહેશે. અલગથી કોઈ શરત અથવા ભાવ ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(૧૬) ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની કામગીરી કરવા માટે રાખવામાં આવતા મજૂરો, હેલ્પરો  કે કામ સાથે સંકળાયેલા અન્ય ઈસમોનો વીમો જે તે પાર્ટીએ ઉતારવાનો રહેશે. અકસ્માત થવાના સંજોગોમાં ઉભી થતી તમામ જવાબદારી જે તે પાર્ટી / કોન્ટ્રાકટરની રહેશે. કામગીરી દરમ્યાન સુરક્ષાના તમામ પગલાઓ પાર્ટીએ લેવાના રહેશે.

(૧૭) કોઈપણ નિયમનું અર્થઘટન કે વિવાદના પ્રસંગે માન. કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. જે અંગે કોઈ તકરાર કે દલીલ ચલાવવામાં આવશે નહી.

(૧૮) અધુરી વિગવાળા ટેન્ડર, સીલ બંધ કવર વગરના તેમજ ફકત સ્ટેપ્લર કરેલ ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે અન્યથા સ્વીકારવામાં આવશે નહી.

(૧૯) ભાવ ભરવામાં છેક–છાક થઈ હોય ત્યાં ટેન્ડર ભરનારે તેમની ટૂંકી સહી કરવાની રહેશે.

(૨૦) ન્યાયિક કાર્યક્ષેત્ર સુરત રહેશે.

ટેન્ડરની શરતો ટેન્ડર ભરતી વેળા અમોએ બરાબર વાંચી, સમજી, ધ્યાનમાં લીધી છે. ત્યારબાદ અમોએ તે સમજીને સહી કરી છે.

**ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરની સહી**

**ઘાસનું ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરનું નામ અને સરનામું મોબાઈલ નંબર સાથે :**

..........................................

..........................................

..........................................

..........................................